**પડધરીના મે. પ્રિન્સિપાલ સિવિલ જજ અને જ્યુડીશ્યલ મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં, તા.પડધરી, જી.રાજકોટ.**

**ક્રિમીનલ કેસ નં.171/2026**
**આંક–**

**ફરિયાદી** શ્રી સરકાર

વિ.

**આરોપીઓ** **૧.**ઉત્તમ એગ્રી કેર, મોવૈયા સર્કલ પાસે, શોપ નં. ૩, મેગા મોલ, તા.પડધરી, જી.રાજકોટ.

**૨.**વૈષ્ણવ ભરતભાઈ લાલજીભાઈ, ૩૧૩, બિનખેતી વિસ્તાર, ઉકરડા, રાજકોટ.

**૩.**વિઝન ક્રોપ સીડ્સ, રાજકોટ–અમદાવાદ હાઈવે, ઓડી શોરૂ સામે, રાજકોટ.

**૪.** અરવિંદકુમાર ગંગદાસભાઈ બુટાણી, ફ્લેટ નં.૨૦૧, એ વિંગ, તીર્થ એપા. આર.સી.આશ્રમ નજીક, કુવાડવા રોડ, રાજકોટ.

**૫.** જીનોમિક્સ એગ્રી જેનિટિક્સ પ્રાઈવેટ લિમિટેડ, ફ્લેટ નં.૫૧૩–બી, ૫મો માળ , મિનર્વા કોમ્પ્લેક્ષ, સરોજીની દેવી રોડ, સિકંદરાબાદ, તેલંગાણા.

**૬.** મુંજવા નટવારલાલ રેવાભાઈ, ગીતા સોસાયટી, અલ્ટ્રા વિઝન પાસે, સુરેન્દ્રનગર, ગુજરા.

**૭.** કાવેરી સીડ કંપની લિમિટેડ, ૫૧૩–બી, ૫ મો માળ, સરોજીની દેવી રોડ, સિકંદરાબાદ, તેલંગાણા.

૮. વાઘેલા અશ્વિનકુમાર વલ્લભભાઈ, પ્રાથમિક શાળાની સામે, પટણા, ભાવનગર, ગુજરાત.

**ગુન્હો** બિયારણ અધિનિયમ – ૧૯૬૬ ની કલમ–૬(એ), ૭(બી) અને બિયારણ નિયમો ૧૯૬૮ ના નિયમ–૧૦ નાં ભંગ બદલ.

**શિક્ષા** બિયારણ અધિનિયમ – ૧૯૬૬ ની કલમ–૧૯(એ) મુજબ

## -: ચુકાદો :-

(૧) આ કામના આરોપી સામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫ અન્વયે બિયારણ અધિનિયમ – ૧૯૬૬ ની કલમ–૬(એ), ૭(બી) અને બિયારણ નિયમો ૧૯૬૮ ના નિયમ–૧૦ મુજબ બિયારણ અધિનિયમ – ૧૯૬૬ ની કલમ–૧૯(એ) મુજબનો ગુન્હો કર્યાનું તહોમત છે. આરોપીઓ સ્વેચ્છાએ કબુલાત કરતા હોવાનું જણાવેલ છે અને આંક–૦૩ થી આરોપીઓ દ્વારા કબુલાત પુરસીસ રજુ કરેલ છે. આરોપીઓ ની હકીકત ધ્યાને લેતા, કબુલાત સ્વેચ્છાપૂર્વકની હોઈ સ્વીકારવા યોગ્ય હોઈ રેકર્ડ કરવામાં આવેલ છે. આંક–૦૪ થી આંક–૦૭ સુધી આરોપીઓની પ્લી રકર્ડ કરતાં આરોપીઓ પોતાની સામેનો આક્ષેપિત ગુન્હો કબુલ હોવાનું જણાવે છે. આથી સજા અંગે સાંભળતા આરોપીઓ એવી રજૂઆત કરે છે કે આ તેનો પ્રથમ ગુન્હો છે અને ભવિષ્યમાં ફરી આવો ગુન્હો નહી કરે તેની ખાત્રી આપે છે. જેથી ઓછી સજા કરવા રહેમ રાખવા વિનંતી કરેલ છે. આમ, આજ રોજ નેશનલ લોક અદાલત હોય તેમજ આરોપીઓ પોતાનો ગુન્હો કબુલ કરતો હોય જેથી સ્પેશીયલ સીટીંગના નેજા હેઠળ મળેલી સત્તા જળવાશે તવું મારું માનવુ છે. જેથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫ અન્વયે આરોપીઓ ની કબુલાતનો સ્વીકાર કરી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>: હુકમ :-</u>

આથી આ કામના આરોપીઓ **૧.**ઉત્તમ એગ્રી કેર, મોવૈયા સર્કલ પાસે, શોપ નં. ૩, મેગા મોલ, તા.પડધરી, જી.રાજકોટ, **૨.**વૈષ્ણવ ભરતભાઈ લાલજીભાઈ, ૩૧૩, બિનખેતી વિસ્તાર, ઉકરડા, રાજકોટ, **૩.**વિઝન ક્રોપ સીડ્સ, રાજકોટ–અમદાવાદ હાઈવે, ઓડી શોરૂ સામે, રાજકોટ, **૪.** અરવિંદકુમાર ગંગદાસભાઈ બુટાણી, ફ્લેટ નં.૨૦૧, એ વિંગ, તીર્થ એપા.

આર.સી.આશ્રમ નજીક, કુવાડવા રોડ, રાજકોટ, **૫.** જીનોમિક્સ એગ્રી જેનિટિક્સ પ્રાઈવેટ લિમિટેડ, ફ્લેટ નં.૫૧૩–બી, ૫મો માળ , મિનર્વા કોમ્પ્લેક્ષ, સરોજીની દેવી રોડ, સિકંદરાબાદ, તેલંગાણા, **૬.** મુંજવા નટવારલાલ રેવાભાઈ, ગીતા સોસાયટી, અલ્ટ્રા વિઝન પાસે, સુરેન્દ્રનગર, ગુજરાત, **૭.** કાવેરી સીડ કંપની લિમિટેડ, ૫૧૩–બી, ૫ મો માળ, સરોજીની દેવી રોડ, સિકંદરાબાદ, તેલંગાણા તથા **૮.** વાઘેલા અશ્વિનકુમાર વલ્લભભાઈ, પ્રાથમિક શાળાની સામે, પટણા, ભાવનગર, ગુજરાતનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫ અન્વયે બિયારણ અધિનિયમ – ૧૯૬૬ ની કલમ–૬(એ), ૭(બી) અને બિયારણ નિયમો ૧૯૬૮ ના નિયમ–૧૦ મુજબ બિયારણ અધિનિયમ – ૧૯૬૬ ની કલમ–૧૯(એ) મુજબનાં ભંગનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂા. ૫૦૦ /– ( દરેકને અંકે રુપીયા પાંચસો પુરા) ના દંડની સજા ફરમાવવામાં આવે છે. જો આરોપીઓ દંડની રકમ ન ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૪/૦૩/૨૦૨૬ નાં રોજ નેશનલ લોક અદાલત (સ્પેશ્યલ સીટીંગ) માં વાંચી સંભળાવી મારી સહી સીક્કો કરી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
પડધરી

**(કુ.શ્રદ્ધા એન. ફાળકી)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**પડધરી, જી.રાજકોટ,**
**UID GJ–1579**